# માનદ જીલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણુંક માટેના અરજદારે આપવાની થતી માહિતીની વિગત દર્શાવતુ પત્રક

<table>
<tr><td colspan="3">જિલ્લાનું નામઃ-</td></tr>
<tr><td>ક્રમ</td><td>આપવાની થતી માહિતી</td><td></td></tr>
<tr><td>૧</td><td>અરજદારનુ નામ તથા પુરુ સરનામુ સંપર્ક નંબર</td><td></td></tr>
<tr><td>૨</td><td>જન્મતારીખ તથા અરજીની તારીખના રોજની ઉંમર<br>(૩૫ વર્ષ થી ૫૫ વર્ષ)</td><td></td></tr>
<tr><td>૩</td><td>શૈક્ષણિક લાયકાત (ઓછામાં ઓછી સ્નાતક કક્ષાની લાયકાતને પ્રથમ પસંદગી)<br><u>ફકત સ્નાતકની પદવી ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.</u></td><td></td></tr>
<tr><td>૪</td><td>ઉમેદવાર મધ્યપાન માટેની પરમીટ ધરાવતા ન હોવા જોઇએ, તેમજ તેઓને દારૂબંધીધારા, અસ્પૃશ્યતા નિવારણ ધારા કે, ભારતીય દંડ સહિતા હેઠળ કોઇ ગુન્હા અન્વયે સજા થયેલ ન હોવી જોઇએ તે અંગેની લેખિત બાંહેધરી રજુ કરવી.</td><td></td></tr>
<tr><td>૫</td><td>ઉમેદવાર કોઇ પણ  રાજયકીય પક્ષ કે કોમવાદી સંસ્થાના સભ્ય હોવા ન જોઇએ, કે તેની વિચારસરણીથી દોરવાયેલ હોવા ન જોઇએ, કે હોમગાર્ડઝ સંગઠનને આવી  બાબતો સાથે સાંકળશે નહી એવી લેખિત આગોતરી બાંહેધરી રજુ કરવી.</td><td></td></tr>
<tr><td>૬</td><td>રાષ્ટ્રપતિશ્રીના હોમગાર્ડઝ કે નાગરિક સંરક્ષણ પૈકી મેડલ મળેલ હોય તો તેનુ વર્ષ તથા પ્રસંગ (આધાર રજુ કરવા)</td><td></td></tr>
<tr><td>૭</td><td>જીલ્લા કમાન્ડન્ટ તરીકે નિમણુંક મળેથી સરકારશ્રી નકકી કરે તે મુજબની વહીવટી તેમજ હિસાબી કામગીરીની તાલીમ મેળવવાની રહેશે. તથા જીલ્લાના મુખ્યમથકે રહેવુ પડશે તે અંગેની લેખિત સંમતિ રજુ કરવી.</td><td></td></tr>
<tr><td>૮</td><td>અરજદારે નીચે મુજબની શારીરિક યોગ્યતા ધરાવતા હોવા જોઇએ, તે અંગેનુ દાકતરી પ્રમાણપત્ર
<table>
<tr><td>વિગત</td><td>પુરૂષ</td><td>મહિલા</td></tr>
<tr><td>ઉંચાઇ</td><td>૧૬૨ સે.મી.</td><td>૧૫૨ સે.મી.</td></tr>
<tr><td>વજન</td><td>૫૦ કિ.ગ્રા.</td><td>૪૨ કિ.ગ્રા.</td></tr>
<tr><td>છાતી</td><td>૭૯-ફુલાવ્યા સિવાય<br>૮૪-ફુલાવેલ</td><td>લાગુ પડતુ નથી.</td></tr>
</table></td><td></td></tr>
<tr><td colspan="3"><u>નોંધઃ</u>ઉકત જણાવેલ તમામ વિગતોના આધારો સામેલ રાખવા.</td></tr>
</table>

ઉમેદવારની સહી /-

જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની
નિમણૂક અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો
બાબત.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૯૬/૧૬૮૫/ફ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૯ /૦૯/૨૦૧૮

**વંચાણે લીધા:-**

૧. ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૮૯/૧૪૪૮/ફ તા.૧૭/૦૪/૯૩

૨. ગૃહ વિભાગનો તા.૦૪/૦૧/૯૪ ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૮૯/૧૪૪૮/ફ

૩. ગૃહ વિભાગનો તા.૨૧/૦૮/૯૭ ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૯૬/૧૬૮૫/ફ

૪. ગૃહ વિભાગનો તા.૨૩/૦૮/૦૪ ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૯૬/૧૬૮૫/ફ

**ઠરાવ:**

જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની માનદ જગ્યા ઉપર યોગ્ય ઉમેદવારની પસંદગી કરવાના હેતુથી ઉપર વંચાણમાં લીધેલ ક્રમ: (૪) આગળ નિર્દિષ્ટ આ વિભાગના તા.૨૩/૦૮/૨૦૦૪ ના ઠરાવથી માર્ગદર્શક સિધ્ધાંતો નિયત કરવામાં આવેલ છે. હોમગાર્ડઝ તંત્રને વધુ સુદઢ બનાવી શકાય તે હેતુથી જિલ્લા કમાન્ડન્ટની જગ્યાઓ સીધી ભરતીથી યોગ્ય ઉમેદરવારોથી ભરાય તે હેતુથી પ્રવર્તમાન માર્ગદર્શક સિધ્ધાંતો નવેસરથી ઘડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે હવે નવેસરથી નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો રાખવાનું સરકાર આથી ઠરાવે છે.

૧. જિલ્લા કમાન્ડન્ટની નિમણૂક માટેની વયમર્યાદા ૩૫ થી ૫૫ વર્ષ સુધીની હોવી જોઇએ.

૨. ઓછામાં ઓછી સ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

૩. ઉમેદવાર મધ્યપાન માટેની પરમીટ ધરાવતા ન હોવા જોઇએ, તેમજ તેઓને દારુબંધી ધારા, અસ્પૃશ્યતા નિવારણ ધારા કે ભારતીય દંડસંહિતા હેઠળ કોઈ ગુના અન્વયે સજા થયેલ ન હોવી જોઇએ.

૪. ઉમેદવાર કોઇપણ રાજકીય પક્ષ કે કોમવાદી સંસ્થાના સભ્ય હોવા ન જોઇએ, કે તેની વિચારસરણીથી દોરવાયેલ હોવા ન જોઇએ કે હોમગાર્ડઝ સંગઠનને આવી બાબતો સાથે સાંકળશે નહિ. એવી લેખિત આગોતરી બાંહેધરી આપવાની રહેશે. જો આવી બાબત સરકારશ્રીના ધ્યાન પર આવશે તો માનદ જિલ્લા કમાન્ડન્ટ હોમગાડર્ન કોઇપણ જાતનું કારણ આપ્યા સિવાય સરકારશ્રી તેમને તાત્કાલિક અસરથી દૂર કરી શકશે.

૫. રાષ્ટપતિશ્રીનો, હોમગાર્ડઝ કે નાગરિક સંરક્ષણ પૈકી ગમે તે એક મેડલ મેળવેલ વ્યકિતને તૃતીય ક્રમે અગ્રતા આપવામાં આવશે.

C:\Users\acer\Desktop\New District Commander.docx

૬. જિલ્લા કમાન્ડન્ટની માનદ જગ્યા વર્ગ-૧ રાજયપત્રિત સમકક્ષ હોઇ પસંદગી સમિતિ ધ્વારા નામોની સરકારશ્રીને ભલામણ કરવાની રહેશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

૧. સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી, ગૃહ વિભાગ - અધ્યક્ષ

૨. કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાડર્ઝ, ગુજરાત રાજય - સભ્યસચિવશ્રી

૭. જિલ્લા કમાન્ડન્ટની માનદ જગ્યા વર્ગ-૧ રાજયપત્રિત સમકક્ષ હોઇ, યોગ્ય તે રીતે કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાડર્ઝ, ગુજરાત રાજય, અમદાવાદે અરજીઓ મેળવવાની રહેશે અને પ્રત્યેક અરજીની યોગ્ય તે ચકાસની કરી તે સરકારને મોકલવાની રહેશે.

૮. જિલ્લા કમાન્ડન્ટ તરીકે નિમણૂક મેળવાર વ્યક્તિએ રાજય સરકાર નક્કી કરે તે મુજબની વહીવટી તેમજ હિસાબી કામગીરીની તાલીમ મેળવવાની રહેશે.

૯. જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ તરીકે નિમણૂંક મળ્યા પછી જે તે વ્યકિતએ જિલ્લાના મુખ્ય મથકે રહેવું પડશે.

૧૦. જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ તરીકે નિમણૂંક મળ્યા પછી સરકારશ્રી તરફથી કોઇપણ જાતની આગોતરી નોટીસ આપ્યા સિવાય ગમે ત્યારે છુટા કરી શકાશે. છુટા કરવામાં આવે તેવા પ્રસંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (મુખ્ય મથક) ને સરકાર આદેશ કરે તે મુજબ તુરત જ ચાર્જ સુપ્રત કરવાનો રહેશે. નવી નિમણૂંકો માટેના જે કોઇ હુકમો મળ્યા હોય તેના વિરુધ્ધ કોઇપણ જાતનો દાવો કોઇપણ કોર્ટમાં દાખલ કરશે નહિ, તે પ્રમાણેની આગોતરી બાંહેધરી આપવાની રહેશે.

૧૧. જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણૂંક માટેના ઉમેદવાર નીચે પ્રમાણે શારિરીક યોગ્યતા ધરાવતા હોવા જોઇએ.

| વિગત | પુરુષ | મહિલા |
|---|---|---|
| ઉંચાઇ | ૧૬૨ સે.મી. | ૧૫૨ સે.મી. |
| વજન | ૫૦ કિ.ગ્રા. | ૪૨ કિ.ગ્રા. |
| છાતી | ૭૯ – ફુલાવ્યા સિવાય<br>૮૪ – ફુલાવેલ | - |

૧૨. ગુજરાત હોમગાર્ડઝ એક્ટ, ૧૯૪૭ ની કલમ ૨(૧)(૨) ની જોગવાઇ પ્રમાણે માર્ગદર્શક સિધ્ધાંતોની બાબત લક્ષ્યમાં લીધા સિવાય યોગ્ય ઉમેદવારને જિલ્લા કમાન્ડન્ટ તરીકે નિમણૂક આપી શકાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બ્રધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ,

C:\Users\acer\Desktop\New District Commander.docx

૧૩૧૯-૨૦૨૩ ૨૨

પ્રતિ;

૧ કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૩ સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,

૪ સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,

૫ સર્વે રેન્જના નાયબ/મુખ્ય પોલીસ અધિકારીશ્રી,

૬ સર્વે જિલ્લા કમાન્ડન્ટશ્રી,

૭ શાખા સિલેક્ટ ફાઇલ.